જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૨/૨૦૨૦ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૩૯૦/૨૦૨૦**

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમબ્રાંચ :**

## અમદાવાદ શહેરના પુર્વ વિસ્તારમાં ટુવ્હીલર ની ચોરીઓ કરતી ટોળકીના ત્રણ ઈસમોને પકડી લઈ તેઓ પાસેથી ચોરીના ૧૭ જેટલા ટુ વ્હીલર કબ્જે કરી ટુવ્હીલર ચોરીના ગુન્હાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેરમાં નંબર વગરના વાહનોનો ઉપયોગ કરી લુંટ, ચેઈન સ્નેચીંગ, ચીલ ઝડપના અને વાહનચોરીઓના ગુન્હાઓ બનતા હોય જે ગુનાઓ શોધી કાઢવા સારુ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓ દ્વારા નંબર વગરના વાહનો શોધી ચેક કરવાની સુચના આપેલ જે આધારે ખાસ પોલીસ કમિશ્નર શ્રી અજયકુમાર તોમર સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં નંબર વગરના વાહનોનો બહોળો ઉપયોગ કરી આરોપીઓ આવા પ્રકારના ગંભીર ગુન્હાઓ આચરતા હોય જેથી આ વિસ્તારમાં સી.સી.ટી.વી. ફુટેજ તેમજ ટેકનીકલ સોર્સના ઉપયોગથી નંબર વગરના વાહનોનો ઉપયોગ કરી ગુન્હો આચરતી ગેંગને શોધી કાઢવા સારૂ એન્ટીપ્રોપર્ટી સ્કોડ – ૧ ના ઈન્ચાર્જ પો.ઈન્સ. શ્રી એન.આર.બ્રહ્મભટ્ટ તથા સ્કોડના પો.સ.ઈ. શ્રી કે.જી.ચૌધરી નાઓને સુચના કરેલ જે સુચના અનુસંધાને મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી.ગોહીલ સાહેબ નાઓની રાહબરી હેઠળ ગઈ તા.૨૫/૦૨/૨૦૨૦ ના રોજ પો.ઈ.શ્રી એન.આર.બ્રહ્મભટ્ટ તથા પો.સબ.ઈન્સ.શ્રી કે.જી.ચૌધરી તથા સ્ટાફના માણસો અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અમરાઈવાડી હાટકેશ્વર સર્કલ પાસેથી (૧) તેજસ S/O વિજયભાઈ ગોવાજી ઠાકોર ઉ.વ.૨૧ હાલ રહે. ગામ દાંતા ઠાકોરવાસ

તા.દાંતા જી.બનાસકાંઠા મુળ રહે.મ.નં.૭૦૬, ઈન્દીરાનગર વિભાગ-૨, લાંભા અમદાવાદ તથા નં.(૨) દિનેશ ઉર્ફે દિનીયો S/O નરેશભાઇ વણકર ઉ.વ.૨૪ રહે.દામોદરની ચાલી, હરદાસનગર પાસે બાપુનગર અમદાવાદ મુળ વતન લાલપુરગામ, તા.કપડવંજ, જી.ખેડા તથા નં. (૩) પિયુષ S/O અમરતભાઇ ગર્ગ ઉ.વ. ૨૦ રહે. મ.નં ૨૦૪, જયઅંબે એપાર્ટમેન્ટ, નરોડા અમદાવાદ શહેરનાઓને તેઓના કબજાની નંબર વગર સ્પ્લેન્ડર પ્લસ મો.સા. કિ.રૂ. ૨૫,૦૦૦/- ની કે જે તેઓએ ચોરીથી મેળવેલ હોવાની પાકી બાતમી હકીક્ત મળી આવતા કબ્જે કરવામાં આવેલ અને મળી આવેલ ઈસમોને સી.આર.પી.સી. ૪૧(૧)(ડી) મુજબ પકડી અટક કરી પ્રાથમિક તપાસ હાથ ધરવામા આવેલ.

પકડાયેલ ઈસમો પાસેથી મળી આવેલ મો.સા. બાબતે તેઓની સઘન પુછપરછ કરતા આ મો.સા. પકડાયેલ ઈસમ પૈકી પિયુષ ગર્ગનાએ આજથી એકાદ મહિના પહેલા નરોડા બેઠક નજીક આવેલ પુષ્કર એનેક્ષી બિલ્ડીંગ નજીકથી પસાર થતો હતો અને ત્યાં આવેલ એનેક્ષી બિલ્ડીંગના નીચેના ભાગે પાર્ક કરેલ મો.સા.ને પોતાની પાસેથી ચાવીથી લોક ખોલી ચોરી કરી પોતાના ઉપયોગમાં ફેરવી પોતાના મિત્રો તેજશ ઠાકોર તથા દિનેશ @ દિનીયો વણકર સાથે ભેગા મળી વેચવાની ફીરાકમાં ફરતા હતા જે અંગે તપાસ કરતા સદરહુ મો.સા. ચોરી બાબતે **અમદાવાદ શહેર સરદારનગર પો.સ્ટે. ખાતે ગુ.ર.નં.૦૧૧૮/૨૦૨૦ ધી ઈ.પી.કો. કલમ ૩૭૯** મુજબનો ગુનો દાખલ થયેલ હોવાનુ જણાઈ આવેલ.

તેમજ આ પકડાયેલ ઈસમોની વધુ પુછપરછ દરમ્યાન જણાઈ આવેલ કે આ ઈસમોએ પોતે પોતાની રીતે નરોડા, બાપુનગર, સરદારનગર, કૃષ્ણનગર, રખિયાલ તથા કાલુપુર રેલ્વે સ્ટેશન વિસ્તારોમાંથી પણ અન્ય વાહનોની ચોરીઓ કરેલ છે. અને જે વાહનો તેઓએ નરોડા તથા કૃષ્ણનગરમાં આવેલ મોટા કોમ્પલેક્ષના પાર્કિંગમાં અલગ અલગ રીતે મુકી રાખેલ છે અને જે બાબતે પકડાયેલ ઈસમોને સાથે રાખી આ વાહનો રીકવર કરતા તેઓ પાસેથી **અન્ય કુલ - ૧૬ ટુવ્હીલર કબજે કરવામા આવેલ છે જેમા એક્ટીવા - ૨, હોન્ડા સ્પેલેન્ડર-૯, બજાજ ડીસ્કવર – ૧ તથા પેશન પ્લસ મો.સા. – ૩ તથા પલ્સર મો.સા.-૧ કબ્જે કરવામાં આવેલ છે.**

પકડાયેલ ઈસમો પાસેથી કબ્જે કરેલ વાહનો તથા તેઓની પુછપરછ દરમ્યાન કરેલ કબુલાત આધારે તપાસ કરતાં ટુવ્હીલરની ચોરી અંગેના નીચે મુજબના ગુનાઓ ડીટેકટ થવા પામેલ છે.

## સરદાર નગર પોલીસ સ્ટેશન

(૧) પાર્ટ – એ ગુ.ર.નં.૦૧૪૭/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

(૨) પાર્ટ – એ ગુ.ર.નં. ૦૫૭૧/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

## નરોડા પોલીસ સ્ટેશન

(૩) પાર્ટ – એ ગુ.ર.નં.૦૧૭૭/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ
(૪) પાર્ટ – એ ગુ.ર.નં.૦૧૭૮/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ
(૫) પાર્ટ – એ ગુ.ર.નં.૦૧૮૨/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ
(૬) પાર્ટ – એ ગુ.ર.નં.૦૧૮૩/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

## રખિયાલ પોલીસ સ્ટેશન

(૭) ફ.ગુ.ર.નં.૨૫/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

(૮) પાર્ટ – એ ગુ.ર.નં.૦૧૭૭/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

## કાલુપુર રેલ્વે પોલીસ સ્ટેશન

(૯) ફ.ગુ.ર.નં.૭૭/૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

## બાપુનગર પોલીસ સ્ટેશન

(૧૦) પાર્ટ – એ ગુ.ર.નં.૦૧૨૯/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

પકડાયેલ ઈસમોએ પાસેથી મળી આવેલ અન્ય વાહનો ચોરીઓ કરેલ હોવાનુ કબુલાત કરેલ છે. જે ચોરીના બનાવોમાં ફરીયાદીઓને શોધવા અંગેની તપાસ તજવીજ હાલ ચાલુ છે. અને વધુ તપાસ પો.સ.ઇ.શ્રી કે.જી.ચૌધરી ચલાવી રહેલ છે.

## ગુનાની એમ.ઓ.

પકડાયેલ ઈસમો એકબીજા મિત્રો હોય જેઓ પોતાના અંગત વપરાશ સારૂ ટુ વ્હિલરની ચોરીઓ કરતા હતા અને ચોરી કર્યા બાદ વાહનોના નંબરો કાઢી નાખી તેને મોટા કોમ્પલેક્ષના બેઝમેન્ટના પાર્કિંગ મુકી દેતા હતા જેથી આ બેઝમેન્ટમાં અન્ય ઘણા વાહનો હોય જેની આડશમાં આ વાહનો મુકી દઈ જરૂર પડ્યેથી તેનો ઉપયોગ કરતા હતા,

# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ચાંદખેડા પોલીસ સ્ટેશન :**

## ભારતીય બનાવટનો વિદેશી દારુની બોટલ નંગ-29 કિ.રૂ.20,300/- તથા એક સુઝુકી એક્સેસ ટુ વ્હિલર જેની કિં.રૂ.45,000/- તેમજ મોબાઈલ ફોન મળી કુલ્લે કિં.રૂ. 83,760 ના મુદ્દામાલ સાથે બે આરોપીઓ પકડી પાડતી ચાંદખેડા પોલીસ

મે, પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ મે, સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-1 તથા મે, ના.પો.કમિ.શ્રી ઝોન-2 તથા મે, મ.પો.કમિ.શ્રી “એલ” ડીવીઝન સાહેબ નાઓએ પ્રોહી.ની પ્રવુતિ શોધી કરવા સારુ આપેલ સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ. શ્રી કે.એચ.ચૌધરી તથા સ્ટાફના અ.હે.કોન્સ. સંજયકુમાર માધાભાઈ બ.નં.3958 તથા અ.હે.કો.શામળભાઈ ગાંડાભાઈ બ.નં.4427 તથા અ.હે.કો.દિનેશકુમાર ધનજીભાઈ બ.નં.3450 તથા અ.પો.કો. અમિતકુમાર લીમસીંગભાઈ બ.નં.8545 નાઓ વિસ્તારમા પેટ્રોલીંગમા દરમ્યાન અ.હે.કોન્સ. સંજયકુમાર માધાભાઈ બ.નં.3958 તથા અ.હે.કો.શામળભાઈ ગાંડાભાઈ બ.નં.4427 નાઓની સંયુક્ત બાતમી હકિકત આધારે વિસત-ઝુંડાલ રોડ ન્યુ સીજી રોડના કટ આગળ ચાંદખેડા ખાતેથી આરોપીઓ નામે **(1) તરુણ વસંતભાઈ જાદવ ઉ.વ.18 વર્ષ 2 માસ રહેવાસી, ભીલવાસ પરીક્ષીતલાલનગર બ્લોક નં.08 ની પાછળની પાછળ બહેરામપુરા અમદાવાદ તથા તેની પાછળ બેઠેલ ઈસમનુ નામ પુછતા તેણે પોતાનુ નામ (2) રાજન ઉર્ફે કાલુ દિનેશભાઈ પરમાર ઉ.વ.18 વર્ષ 1 માસ રહેવાસી, ભીલવાસ પરીક્ષીતલાલનગર બ્લોક નં.08 ની પાછળ બહેરામપુરા અમદાવાદ** નાઓની પાસેથી વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારુની બોટલ નંગ-29 જેની કિ.રૂ.20,300/- તથા એક સુઝુકી એક્સેસ ટુ વ્હિલર જેની કિં.રૂ.45,000/- તેમજ મોબાઈલ ફોન મળી કુલ્લે કિં.રૂ. 83,760/- નો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

# પાસા અટકાયતીની વિગત

## ગુના નિવારણ શાખા :

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ તા.૨૫.૨.૨૦૨૦ નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલક્ત/શરીર સબંધી, ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી ફરીયાદીઓએ પાર્કીંગમા પાર્ક કરેલ વાહનની ચોરી કરી લઈ જઈ ચોરી કરી મેળવેલ વાહન વેચાણ કરવાના ઈરાદે પોતાના કબ્જામા રાખી એકબીજાના મેળાપીપણા મા આર્થીક નાણાકીય લાભ મેળવવાના ઈરાદે જનતાને આર્થીક નુકશાન કરનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ **ચીરાગ ગીરજાશંકર જવાલાપ્રસાદ સીકરવાર ઉવ.૨૪ રહે.૬૬ મહેન્દ્રકુમારની ચાલી વિજયમીલ કુટ માર્કેટ સામે નરોડા રોડ શહેરકોટડા અ.વાદ મુળ વતન : ગામ.બરેઠા તા.ધોલપુર જિ.આગ્રા ઉતરપ્રદેશ** વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેને વડોદરા જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | **ચીરાગ ગીરજાશંકર જવાલાપ્રસાદ સીકરવાર ઉવ.૨૪ રહે.૬૬ મહેન્દ્રકુમારની ચાલી વિજયમીલ કુટ માર્કેટ સામે નરોડા રોડ શહેરકોટડા અ.વાદ મુળ વતન : ગામ.બરેઠા તા.ધોલપુર જિ.આગ્રા ઉતરપ્રદેશ** |

- અમદાવાદ શહેરના ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોતાના સાગરિતો સાથે મળી બીઆરટીએસ બસમા ભીડભાડનો લાભ લઈ લોકોની નજર ચુકવી રોકડ નાણાની ચોરી કરી જનાર અને ગુનાહિત માનસ ધરાવનાર ઇસમ **કિરીટ નરસિંહભાઇ કિશ્ચ્યન ઉવ.૩૬ રહે.૩ કોલસાવાળી ચાલી સંતોષી માતાના મંદીર પાસે જશોદાનગર અ.વાદ મુળ વતન : ગામ.માસરા ઠાકોરની બાજુમા તા.ઉમરેઠ જિ.આણંદ** વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | **કિરીટ નરસિંહભાઇ કિશ્ચ્યન ઉવ.૩૬ રહે.૩ કોલસાવાળી ચાલી સંતોષી માતાના મંદીર પાસે જશોદાનગર અ.વાદ મુળ વતન : ગામ.માસરા ઠાકોરની બાજુમા તા.ઉમરેઠ જિ.આણંદ** |

➢ અમદાવાદ શહેરના વટવા, દાણીલીંમડા, ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોતાના સાગરિતો સાથે મળી બીઆરટીએસ બસમા ભીડભાડનો લાભ લઈ લોકોની નજર ચુકવી રોકડ નાણાની ચોરી કરી જનાર અને અગાઉની ઝઘડાની અદાવત રાખી પોતાની પાસે છરી રાખી ફરીયાદીને ગંભીર ઇજાઓ પહોચાડી ગુનાહિત માનસ ધરાવનાર ઇસમ **રાજ રાજેશભાઇ સાકળચંદ પરમાર ઉવ.૨૬ રહે.૩૬૦૦ ઘર વિહોણા પ્લોટ જગદિશનગરના છાપરા પુનીતનગર ક્રોસીંગ પાસે ઘોડાસર વટવા અ.વાદ** વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | **રાજ રાજેશભાઇ સાકળચંદ પરમાર ઉવ.૨૬ રહે.૩૬૦૦ ઘર વિહોણા પ્લોટ જગદિશનગરના છાપરા પુનીતનગર ક્રોસીંગ પાસે ઘોડાસર વટવા અ.વાદ** |

➢ આ ઉપરાંત શરીર સબંધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૧ ઇસમ મળી **કુલ્લે ૪ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને વડોદરા રાજકોટ સુરત જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.